# --- : લગ્ન વિષયક જાહેરાત : ---

卐 એમ.કોમ., એમ.બી.એ., જ ૨/૧૯૮૩, ઉં. ૫'.૪" બેંકીંગ સર્વિસમાં મેનેજર સેલ્સ તરીકે નોકરી કરતા કાશ્યપ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

卐 બી. કોમ., સોફટવેર એન્જીનીયરીંગ, જ. ૬/૧૯૮૨, ૬' ઉંચાઈના પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા સાર્કવસ ગોત્રના, માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

卐 એમ.પી.ટી (ફિઝીયોથેરાપીસ્ટ-કાર્ડીયો) જ. ૪/૧૯૮૫, ૫'.૨" ઉંચાઈ, કાશ્યપ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

卐 બી.એચ.એમ.એસ., (હોમિયોપેથ) જ. ૯/૧૯૮૩, ૫'.૬" ઉંચાઈ, આત્રેય ગોત્રની સ્વતંત્ર પ્રેકટીસ કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

卐 બી.કોમ.,સી.એ. (ચાલુ) જ. ૧૦/૧૯૮૬, ૫'.૨" ઉંચાઈની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

卐 બી.ઇ. (આઇટી) જ. ૧૯૮૭, ૫'૬" ઉંચાઈની સાદો શનિ ધરાવતી વિસનગરા નાગર કન્યાને સમકક્ષ યુવક. સંપર્ક : ૦૨૭૮-

卐 આઈસીડબલ્યુએ,બી.કોમ.,એલએલ.બી., જ. ૨/૧૯૮૩, ૫'.૬" ઉંચાઈ ઇન્ટાસ ફાર્મામાં નોકરી કરતા યુવકને સમકક્ષ કન્યા. સંપર્ક : ૦૭૯-

卐 એમ.એ., બી.એડ., જ. ૧૯૭૩, ૫'.૩" ઉંચાઈની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૫-

卐 એમ.કોમ. જ. ૩/૧૯૮૫, ૫'.૧૧"ઉંચાઈના પ્રા. કંપનીમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૩૨-

卐 બી.કોમ., એમબીએ.,જ. ૧/૧૯૮૫ ૫'.૭" ઉંચાઈના યુવકને સમકક્ષ કન્યા. સંપર્ક : ૦૨૬૫-મો.

卐 બી.કોમ.,પીજીડીબીએમ.(એમએસયુ)હેલ્થ ન્યુટ્રી.ડીપ્લોમા, ૩૩ વર્ષ,૫' ઉંચાઈની સાદા મંગળ વાળી કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : ૦૨૬૫-૬૫૩૧૬૨૧

卐 બી. કોમ., જ. ૧૨/૧૯૮૧ ૫'.૬" ઉંચાઈના ઇમ્પોર્ટ-એકસપોર્ટ કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૨-

卐 બી.બી.એ., ડીબીએમ., જ. ૨/૧૯૮૫ ૫'.૫" ઉંચાઈની કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

卐 બી. એ., એલએલ.બી.,એડવોકેટ,એમએલડબલ્યુ, જ. ૯/૧૯૮૦ કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : ૦૨૬૩૬-

卐 એમ.એસ.સી., બીએડ,પીજીડીસીએ, જ. ૮/૧૯૮૩, લેકચરર તરીકે નોકરી કરતી માંગલિક કન્યાને સમકક્ષ યુવક. સંપર્ક : ૦૨૭૮-

卐 એમ.એસ.સી.,પીએચ.ડી, જ. ૧૧/૧૯૮૪ અમદાવાદ ખાતે પ્રા. લી. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

卐 એમ.કોમ, પીજીડીઆઈટી,જ. ૯/૧૯૭૬ પ્રા. સ્કૂલમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

卐 એમ.કોમ, પીજીડીઆઈટી,જ. ૩/૧૯૭૯ પ્રા. સ્કૂલમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

# શ્રી કચ્છ–સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ, અમદાવાદ.

**શ્રી મંડળ દ્વારા નીચે પ્રમાણે શૈક્ષણિક પારિતોષિક આપવામાં આવે છે.**

* ધો. ૧૦ SSC માં સર્વ પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા પ્રત્યેક વિષયમાં પ્રથમ તથા દ્વિતિય આવનારને
* ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સર્વ પ્રથમ, દ્વિતીય તથા વિજ્ઞાનના વિષયમાં પ્રથમ તથા દ્વિતિય આવનારને
* ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં સર્વ પ્રથમ, દ્વિતીય તથા અંગ્રેજી તથા સ્ટેટેસ્ટીકસ્ (આંકડાશાસ્ત્ર)ના વિષયમાં પ્રથમ આવનારને ...
* B.A., B.Sc., B.Com., B.Ed., LLB, MLW, MSW માં પ્રથમ..
* M.A., M.Sc., M.Com.માં પ્રથમ..
* એન્જિનીયરીંગની કોઈપણ વિદ્યાશાખામાં પ્રથમ આવનારને ...
* M.B.B.S. વિકલ્પે M.D./ M. S. માં પ્રથમ..
* M.B.A. વિકલ્પે B.B.A.માં પ્રથમ..
* CA વિકલ્પે CS માં પ્રથમ..
* સંગીત કંઠય/ વાદ્ય વિશારદ કે ઉપાન્ય અથવા મધ્યમામાં પ્રથમ, વિકલ્પે ધોરણ ૧૦માં સંગીતમાં પ્રથમ આવનારને ...
* માનસિક શારિરીક મર્યાદા છતાં કોઈપણ ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ દેખાવ માટે.

કચ્છ સૌરાષ્ટ્રના વડનગરા નાગરોના સંતાનો પુરતા આ પારિતોષિક મર્યાદિત છે. ધોરણ–૧૦/૧૨ ના પારિતોષિક ગુજરાત રાજયમાંથી પાસ થયેલ, રાજય તથા સેન્ટ્રલ બોર્ડના ઉમેદવાર માટે છે. અરજી સાદા કાગળ ઉપર માર્કશીટની પ્રમાણિત નકલ સાથે માતાપિતાનું વતન પુરા સરનામાં ફોન નંબર સાથે **તા. ૧૫–૧૦–૨૦૧૦ સુધીમાં નીચેમાંથી કોઈપણ સરનામે ટપાલ દ્વારા મોકલી આપવી.** અરજી કોઈના દ્વારા ન મોકલતા સીધી જ મોકલવી જરૂરી છે. માત્ર માર્કશીટ મોકલવી નહીં. માર્કશીટ પાછળ પણ સરનામુ તથા ફોન નંબર અવશ્ય લખવા.

**(૧) અમીત કે. દેસાઈ, એ/૧ માણેક એપાર્ટમેન્ટ, મણીનગર રેલ્વે સ્ટેશન સામે, મણીનગર, અમદાવાદ–૮. ફોન : ૦૭૯– ૨૫૪૬૬૨૩૩ (૨) અપૂર્વ આર. વસાવડા, એમ/૫૩ શિવાની એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, અમદાવાદ–૧૫, ફોન : ૦૭૯ ૨૬૩૦૭૮૨૯**

<u>શ્રી મંડળ તરફથી એન્જીનીયરીંગ, મેડિકલ, ફાર્મસી વિ. માં ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે. આ માટેનું ફોર્મ મંગાવી (સ્ટેમ્પ કવર મોકલવું જરૂરી છે.) એડમીશન વિધિ પૂરી થયા પછી મોકલી આપવું. સ્કોલરશીપ આર્થિક પરિસ્થિતિ ધ્યાનમાં લઈ આપવામાં આવે છે.</u>

ફોર્મ મેળવવા–મોકલવાનું સ્થળ : **૧. મહેશકાંત ધી. વસાવડા, ૫–માંગલ્યમ સોસાયટી, સુરેન્દ્ર મંગલદાસ રોડ, અમદાવાદ–૧૫, ફોન : ૦૭૯ – ૨૬૭૫૪૫૦૧.**

**અતુલ કિકાણી**
મંત્રી
**ફોન : ૦૭૯ ૨૬૬૩૪૪૭૭**

**નિલકંઠ ધોળકીયા**
પ્રમુખ
**ફોન : ૦૭૯ ૨૬૬૦૩૯૮૪**

(સૌજન્ય : ક.સૌ.વ.ના.મંડળ)

# ——પરીક્ષાના પરિણામો——

### એસ. એસ.સી.

કિંજલ નીલેષ હાથી ૮૭% મુંબઈ
ધ્વનિ મનીષભાઈ બક્ષી ૯૩% મુંબઈ
રચીતા ધ્રુવકુમાર બક્ષી ૮૬% મુંબઈ
મહર્ષિ જીજ્ઞેશ છાયા ૯૩% મુંબઈ
(ગુજરાતી વિષયમાં બોર્ડમાં બીજું સ્થાન)
વલય અંકીતકુમાર વૈદ્ય ૯૩% વડોદરા
કુ. ધૈર્યા મૌલેશભાઈ ધોળકિયા ૯૩% રાજકોટ
દિશાંક નિગમ વસાવડા ૯૦% રાજકોટ
ચિન્મય ઉદય અંતાણી ૯૧% સુરત
(ગણિત-૧૦૦/વિજ્ઞાન-૯૯ માર્કસ)
બરખા દર્શક વૈશ્નવ ૯૨% ભરૂચ
અચ્યુત અર્પિતભાઈ મહેતા ૮૬% અમદાવાદ
(સંસ્કૃતમાં ૯૯ માર્કસ)
ફલક દેવલ મહેતા ૯૦% અમદાવાદ
પ્રિયંકા સુનીલ રીંડાણી ૯૦% રાજકોટ
આરાધી જલધિ મહેતા પ્રથમ વર્ગ ભરૂચ
ધ્વનિ હેમાંગભાઈ ૭૬% વડોદરા
ઉષ્મા હિતેષ બુચ ૮૦% વડોદરા
કુ. નૂપુર કશ્યપ નાણાવટી ૭૬% રાજકોટ
માર્મિક કમલેશ મહેતા ૯૨% વિદ્યાનગર
કિંજલ નીલેષ હાથી ૮૭% મુંબઈ
રોહન ભવજીત જીકાર ૮૦% ICSE સુરત
સંકેત હરેશભાઈ છાયા ૯૧% જૂનાગઢ
માર્ગી દેવાંગ બુચ ૮૯% જૂનાગઢ
જીત સંજીવ મહેતા ૮૭% જૂનાગઢ
દર્શક વિપુલભાઈ ઓઝા ૮૬% જૂનાગઢ
હેત કલ્પેશ દિવાન ૮૬% જૂનાગઢ
સ્વપ્નીલ કેતન વોરા ૮૨% જૂનાગઢ
ખુશ્બુ સુનીલભાઈ વૈદ્ય ૭૮% જૂનાગઢ
કૈરવ મયુર વસાવડા ૭૭% જૂનાગઢ
વન્દીપ દિનેશ નાણાવટી ૭૨% જૂનાગઢ
વેદાંત વિહંગ વોરા ૭૧% જૂનાગઢ
સૃષ્ટિ હેમાંગ વસાવડા પ્રથમ વર્ગ જૂનાગઢ
કૌશલ હરેન્દ્ર વૈશ્નવ ૭૧% જૂનાગઢ
અંતરા દુર્ગેશ ઓઝા ૭૭% પોરબંદર

### એચ.એસ.સી.

જાનકી દુષ્યંત વૈદ્ય ૭૫% અમદાવાદ
નીરજા રશ્મીન હાથી વડોદરા ૮૧% વડોદરા
તોષા મુકુલ દેસાઈ પ્રથમ વર્ગ મુંબઈ
પ્રેરક કિરીટભાઈ માંકડ ૭૦% ભાવનગર
આકૃતિ કેતન ધોળકિયા ૭૭% વિ.પ્ર. જૂનાગઢ
નિયતી પરેશ સ્વાદિયા ૮૫% -"- ગાંધીનગર
હર્ષલ પરાગભાઈ કચ્છી૯૧% CBSEઅમદાવાદ
પલક કલ્પિત કચ્છી ૮૪% જૂનાગઢ
સંસ્કૃતિ રસેષ શુકલ ૭૯% જૂનાગઢ
તેજ દિવ્યેશ અવાશીયા ૭૦% જૂનાગઢ
હેલી મુકેશ દેસાઈ પ્રથમ વર્ગ જૂનાગઢ
આકૃતિ કેતન ધોળકિયા ૭૭% જૂનાગઢ
શ્રેયસ હેમેન્દ્ર વોરા ૭૩%% જૂનાગઢ
કોમલ રાજેશ ઢેબર ૭૨% જૂનાગઢ
અર્પણ કુલીન ઢેબર ૭૦% જૂનાગઢ
વિશ્વા તરંગ મહેતા ૭૦% જૂનાગઢ
મૃગાંક પ્રકાશ છાયા દ્વિતીય વર્ગ પોરબંદર
દેવાંગી હરેશ મહેતા દ્વિતીય વર્ગ મહુવા
વત્સલ બકુલ વૈદ્ય ૭૯% ભુજ
ધ્રુવમ પરેશ વૈશ્નવ ૭૯% ભુજ

### ટી. વાય. બી.કોમ.

ભૂષિત ભવિનભાઈ વસાવડા દ્વિતીય વર્ગ રાજકોટ
જય રાજેશભાઈ છાયા પ્રથમ વર્ગ જૂનાગઢ
મનન હિમાંશુભાઈ બુચ ૭૪% વડોદરા

### એસ. વાય. બી. કોમ.

કુ. જયતિ ગૌરવ દેસાઈ પ્રથમ વર્ગ અમદાવાદ

### એફ. વાય. બી. કોમ.

કુ. મેઘલ અજયભાઈ વૈશ્નવ પ્રથમ વર્ગ રાજકોટ
કુ. જીના દેવાંગભાઈ નાણાવટી પ્રથમ વર્ગ જૂનાગઢ

**એમ. એ.**
કૃતિ પ્રેરિત કિરણભાઈ અંજારીયા દ્વિતીય આણંદ
**બી. ઈ. (સીઇ) સેમે. ૬**
જટાયુ હર્ષિતભાઈ બક્ષી પ્રથમ વર્ગ જૂનાગઢ
**ડિપ્લોમા સીવીલ એન્જી.**
તુષીત ચંદ્રભૂષણ દેસાઈ પ્રથમ વર્ગ વડોદરા
**એમ.બી.એ.(સેમે.-૨ જીટીયુ)**
કુ. હેતા મૌલેશ બક્ષી ૭૫% રાજકોટ
(INDUS કોલેજમાં પ્રથમ)
**એમ.બી.એ.**
કુ. સલોની કંદર્પ મુનશી ૭૭% વડોદરા
(યુનિ.માં બીજું સ્થાન)
**બી.બી.એ.**
કુ. મેઘા ભવજીત જીકાર ડીસ્ટીંગ્શન સુરત
**બીસીએ**
દીપ મધુકર ઢેબર ૬૯% રાજકોટ

**બી. ફાર્મ**
કુ. કાવ્યા અનીલભાઈ બક્ષી ૭૧% અંકલેશ્વર
(જે. બી. કેમીકલ્સ પાનોલી ખાતે જોડાયાં)
**એલ.એલ.એમ.**
હર્ષિલ જયેશભાઈ ધોળકિયા અમદાવાદ
**પીજીડીસીએ.**
અર્પિત વ્યોમેશ વસાવડા દ્વિતીય વર્ગ રાજકોટ
કુ. મેઘા દેવાંગભાઈ નાણાવટી ડીસ્ટીંગ્શન જૂનાગઢ
**બી.એડ.**
કુ. મીનળ શૈલેષ બુચ ૮૯% રાજકોટ
**બેચ.ઓફ માસ મિડીયા**
કુ. ભાષા પ્રદીપ વૈશ્નવ ૬૮% મુંબઈ
**ડીઝાસ્ટર મેનેજમેન્ટ**
(જીઓલોજી વિભાગ-કેરીઅર ઓરી. સર્ટી. કોર્ષ)
દીપા ધવલ પાઠક ૨૦૦૯-૧૦ના બેચમાં કચ્છ યુનિ.માં પ્રથમ સ્થાન સાથે ઉત્તીર્ણ.

## કુ. નિરાલી નાણાવટી એમ.બી.એ. થયાં

મૂળ જૂનાગઢના સ્વ. શ્રી નવનીતલાલ છગનલાલ નાણાવટીના પૌત્રી અને સ્વ. ચંદુભાઈ ચંપકલાલ બુચનાં દોહિત્રી તે શ્રી કૌશિકરાય તથા શ્રીમતી ગીતાબેનનાં પુત્રી કુ. નિરાલીએ બેલાપુર મુંબઈ સ્થિત ડી. વાય. પાટીલ યુનિ. ઓફ મેનેજમેન્ટમાંથી બાયોટેકનોલોજી વિષય સાથે પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ એમબીએ.ની પદવી મેળવી.

## : સગપણ સગાઈ :

- રાજકોટના ઉમાકાંતભાઈ (બલુભાઇ) વૈદ્યના પૌત્ર આદિત હિમાંશુ વૈદ્યનું સગપણ ભુજના ચીમનલાલ માંકડનાં પૌત્રી મેઘલ જગદીશભાઈ માંકડ સાથે.
- પાયલ દિવ્યાંગ કચ્છીનું સગપણ મુંબઈ સ્થિત નરેશભાઈ અનંતરાય દેસાઈના પુત્ર રક્ષિત સાથે.
- મિહીર નીમેષભાઈ દેસાઈનું સગપણ અમદાવાદ સ્થિત દર્શિતા પ્રકાશભાઈ વૈશ્નવ સાથે.
- રાજકોટ સ્થિત જ્યોતિષચંદ્ર ઝાલાના પુત્ર અશોકનું સગપણ જૂનાગઢના ભરતભાઈ વૈશ્નવનાં પુત્રી પૂજા સાથે. (માધ્યમ બરછી)
- જૂનાગઢના રાજકોટ સ્થિત ભૂતેષભાઈ વોરાની પુત્રી હેમંતીનું સગપણ વેરાવળ (સોમનાથ)ના શ્રી નૈષધભાઈ પંડયાના પુત્ર જૈમિન સાથે.
- વડોદરા સ્થિત જ્યોતિષ ભરતભાઈ ઘોડાના પુત્ર નેહલનું સગપણ અમદાવાદ સ્થિત નરેશભાઈ પોટાનાં પુત્રી હેમાદ્રી સાથે.

**નથી જાણ્યું પંથ શી આફત ખડી છે, ખબર છે એટલી કે માતની હાકલ પડી છે..**

# --- સમાચાર સંચય ---

☼ **રાજકોટ :** એસબીઆઈ લાઇફ ઈન્સ્યોરન્સ કંપનીના સીઇઓ દ્વારા શ્રી હિમાંશુ વૈદ્યને સતત ત્રીજે વર્ષે 'બેસ્ટ પરફોર્મન્સ એવોર્ડ' એનાયત થયો.

☼ ઉર્મિલ ગીરીશભાઈ મારૂને નોઇડા ખાતેની કેડેન્સ મલ્ટીનેશનલ કંપનીમાં લીડ સપોર્ટ એન્જીનીયર તરીકે બઢતી મળી.

☼ ગત માસમાં જૂનાગઢ ખાતે યોજાયેલ મહિલા સંમેલન દરમ્યાન અત્રેનાં શ્રીમતી જયશ્રીબેન ધીરેન્દ્ર માંકડની હસ્તકલાકૃતિઓનું પ્રદર્શન યોજવામાં આવેલ. જ્યાં તેઓને પણ 'નાગર નારીરત્ન'એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ.

☼ ઈશિરા દેવાશિષ માંકડ મુંદ્રા ખાતે એબ્સ્ટ્રોમ કંપનીમાં જોડાયાં.

☼ વાણી ધીરેન્દ્ર માંકડને વડોદરા ખાતેની ઋષભ સોફટવેર કંપનીમાં સિનીયર સોફટવેર એન્જીનીયર તરીકે બઢતી મળી.

☼ શ્રી પ્રવિણચંદ્ર ડી. ઢેબર પરિવાર આસામ, ગોહાતી, મેઘાલય,ચેરાપુંજીના પ્રવાસે જઈ આવ્યા. માહિતી માટે સંપર્ક કરી શકે છે...૯૮૨૫૬૧૪૬૩૮

☼ ગુરૂવાર સત્સંગ મંડળના ઉપક્રમે શાસ્ત્રીશ્રી જીવણભાઈ જોષીના આચાર્ય પદે શ્રાવણ માસની કથાનું આયોજન દક્ષાબેન ઝાલાના નિવાસસ્થાન- 'પ્રિતમ સ્મૃતિ' જલદીપ પાર્ક,જલારામ પેટ્રોલ પંપ સામે કાલાવડ રોડ-ખાતે સાંજે ૫ થી ૬ દરમ્યાન કરવામાં આવેલ છે.

☼ રાજકોટના ૪૦૦મા જન્મદિવસના ઉપક્રમે ન્યુ એરા સ્કૂલના એક થી નવ ધોરણના વિદ્યાર્થીઓ માટે યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધામાં શૌનક ચેતન છાયા(ધો. ૬)એ પ્રથમ સ્થાન મેળવ્યું.

☼ અત્રેના નિશાદ કિરીટભાઈ વોરા દિલ્હી ખાતે ટીસીએસ કંપનીમાં સીસ્ટમ એન્જીનીયર તરીકે જોડાયા.

☼ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ લાયન્સ કલબ ઈન્ટરનેશનલ કલબની મહિલા પાંખ લાયોનેસ કલબ મેઈનની વર્ષ ૨૦૧૦-૧૧ના તાજેતરમાં થયેલ વરણીમાં કુ. પારૂલ જસ્મીનભાઈ દેસાઈની પ્રમુખપદે જ્યારે કુ. કોમલ મનહરભાઈ વૈશ્નવની ૨૦૦૮-૯ બાદ પુનઃ મંત્રી તરીકે નિયુકતી કરવામાં આવી. હોટલ સમ્રાટમાં યોજાયેલ શપથવિધિનું સંપૂર્ણ સંચાલન કોમલ વૈશ્નવ તથા શ્રીમતી ભૈરવી આચાર્યએ કુશળતાપૂર્વક કર્યું હતું. સૌના અભિનંદન.

☼ હાલ ભાવનગર ખાતે ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝર કું.માં સિનિયર માર્કેટીંગ અધિકારી તરીકે ફરજ બજાવી રહેલ રાજકોટના શ્રી મનહરભાઈ વૈશ્નવના પુત્ર જ્યોતિલ વૈશ્નવે તાજેતરમાં IGNOU યુનિવર્સિટી માંથી પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થઈ એમ.બી.એ.ની પદવી મેળવી.

☼ આકાશવાણીના 'પનઘટ' કાર્યક્રમમાં 'અમે શિવરંજની'વૃંદના પલ્લવી ધોળકિયા, રક્ષા પોટા,નિધી પોટા, મૃદંગા બુચ,ભાવનાબેન ધોળકિયા, નીતા વસાવડા, ઉમા દેસાઈએ વિવિધલક્ષી કાર્યક્રમ આપ્યો. જેનું પ્રસારણ તા. ૨૯/૭/૧૦ના રોજ થશે.

☼ **વડોદરા :** અત્રેના જ્વલંત કુમારભાઈ બુચે રીલાયન્સ રીટેઇલ વિભાગમાં અમદાવાદ ખાતે

ચીફ મેનેજર તરીકે બઢતી મેળવી.

☼ **અમદાવાદ :** યોગેશ કિશોરભાઈ દેસાઈ અમેરીકાની કેલીફોર્નિયા સ્થિત યુનિવર્સિટીમાંથી એમ. એસ.માં ડીસ્ટીંગ્શન સાથે ઉત્તીર્ણ થયા.

☼ દેવાંશુ એસ. દેસાઈએ કિલનીકલ સાયકોલોજીમાં માસ્ટર્સની પદવી ઉચ્ચ ગુણાંક સાથે મેળવી.

☼ બાવન વર્ષ પહેલાં જૂનાગઢની બહાદૂરખાનજી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા તે વેળાના આઠ તરૂણો (ગોઠીયાઓ !) મહેશકાંત વસાવડા,નરેશ ઘોડા, કૌશિક વૈશ્નવ, પિયુષ ત્રિવેદી, (અમદાવાદ) ધ્રુવકુમાર વૈદ્ય (ગાંધીનગર) શરદ જીકાર (વડોદરા) તથા દિવ્યકાંત છાયા અને નિરંજન વૈશ્નવ (જૂનાગઢ)ને જીવનસંધ્યાના આ સોનેરી દિવસોમાં ત્રણ-ચાર દિવસ સપરિવાર સાથે મળીને જૂના સંસ્મરણો વાગોળ વાનો વિચાર સ્ફૂરેલ..અને ગત વર્ષે વલસાડના તીથલના દરીયે એકત્ર થયા બાદ તાજેતરમાં આ આઠ મિત્રો પુનઃ ચાર દિવસ માટે આબુની સફરે ઉપડયા સૌ પ્રથમ વડનગરમાં દાદાના પૂજન અર્ચન કર્યા બાદ ઉમિયા માતાજી, ઉંઝા, સિધ્ધપુર થઈને આબુ પહોંચ્યા અને ત્યાંના ગુજરાત ટુરિઝમના ગેસ્ટહાઉસ માં ત્રણ દિવસ મુકામ કરી સૌએ સાથે ગમતાને ગુલાલ કરી, દર્શનીય સ્થળો નિહાળી અંબાજીમાં દર્શન,થાળ કરી ખેડબ્રહ્મા,મહુડી દર્શન કરી કુટુંબમેળાની જેમ જ આ મિત્રમેળો વિખરાયેલ.

☼ બાળરોગ નિષ્ણાત ડો. અવનીશ બુચ તથા ડો. મૃદંગા બુચનાં પુત્રી ડો. ધ્વનિએ અત્યાધુનિક સુવિધાસજ્જ 'સ્પંદન વિમેન હોસ્પિટલ'નો આનંદનગર અમદાવાદ ખાતે શુભારંભ કર્યો.(ગતાંક રાજકોટના સમાચારમાં છપાયેલ જ્યાં અમદાવાદ વાંચવું.)

☼ અત્રેના બરછી પ્રતિનિધી અને સેવાભાવી કાર્યકર શ્રી મધુકરભાઈ વૈશ્નવના પુત્ર અર્પિત વૈશ્નવને તરીકે આઇએનજી વૈશ્ય વિમા કંપનીમાં ટીમ લીડર શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ આસી. મેનેજર તરીકે મળી. ઉપરાંત કંપની તરફથી સીંગાપોરના પ્રવાસે મોકલવામાં આવ્યા.

☼ અત્રેના શ્રી નિત્યાનંદભાઈ -શૈલજાબેન ધોળકિયા કઠીન કૈલાસ માનસરોવરની યાત્રા નિર્વિધ્ને કરી આવ્યા બદલ તેમજ પોતે ૬૪ વર્ષ પૂર્ણ કર્યા નિમિત્તે તા. ૧૧/૭ના રોજ પોતાના નિવાસ સ્થાને વેદોકત રીતે પાઠાત્મક લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩૦ વર્ષથી સ્થાપિત અવેતન લઘુરૂદ્ર મંડળના ઉપક્રમે ૧૫ જેટલા વિદ્વાન બ્રાહ્મણો દ્વારા ભાવાત્મક રીતે ૧૦:૩૦થી ૧સ્થાપન પૂજન અને ફરાળ બાદ ૨થી ૫:૩૦ દરમ્યાન રૂદ્રીપાઠ, અભિષેક,બીલ્લીપત્રનો અભિષેક સાથે સમાપન કરવામાં આવેલ.અંતમાં તેઓના નાના બેન જાણીતાં ગાયકકલાકાર માતંગીબેન ઓઝાએ ઉપશાસ્ત્રીય ઢાળમાં 'હર હર મહાદેવ, ભજામી શિવ શંકરા'ભજન ગવરાવી વાતાવરણ શિવભકિતમય બનાવેલ.(અવેતન મંડળ લઘુરૂદ્ર મંડળ ૩૦ વર્ષથી સુખી સંપન્ન વિદ્વાન બ્રાહ્મણો દ્વારા સ્વેચ્છાએ કોઈપણ વ્યાપારી રીત રસમ વગર ચાલે છે.પાઠાત્મક અને હોમાત્મક લઘુરૂદ્ર કરવા બહારગામ પણ જાય છે.માત્ર લાવવા-મૂકવાની અને ફરાળની વ્યવસ્થા યજમાને કરવાની હોય છે તે સિવાય રોકડ કે પૂજનમાં વપરાયેલ સામગ્રી પણ બ્રાહ્મણો લઈ જતા નથી.નિસ્વાર્થ ધર્મકાર્યને બીરદાવી લાભ લેવા જેવો ખરો. રસ ધરાવતા બંધુઓએ નિત્યાનંદભાઈનો-૦૨૭૧૭-૨૩૫૬૨૯ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.)

☼ શ્રી ક. સૌ. વ.ના. મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૧/૮/૧૦ના રોજ મંડળના કાર્યાલય 'હાટકેશ કૃપા' ખાતે મળશે.

**માતાના આશીર્વાદ એ જ સંતાનની સાચી મૂડી છે...**

☼ મંડળ તરફથી અમદાવાદ વસતા કચ્છ સૌરાષ્ટ્રના વડનગરા નાગર કુટુંબોની માહિતી પુસ્તિકા પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. મંડળના સભ્ય ન હોય તેવા જ્ઞાતિજનોને કાર્યકરોનો સંપર્ક સાધી ફોર્મ મેળવી લેવા અને તા. ૩૧ ઓગષ્ટ સુધીમાં તે ભરીને પરત કરશો. આપના સગા સ્નેહીઓને આ અંગે જાણ કરશો.જેઓના નામ હશે તે જ્ઞાતિજનને ડીરેકટરી વિના મૂલ્યે આપવામાં આવશે. ડીરેકટરીના ખર્ચને પહોંચી વળવા આપના ધંધા-પ્રવૃત્તિની કે વડીલની શ્રધ્ધાંજલિ જાહેરાત પણ આવકાર્ય છે.વિશેષ માહિતી માટે શ્રી મહેશકાંત વસાવડા-૦૭૯- ૨૬૭૫૪૫૦૧અથવા શ્રી અમીત દેસાઈ -૦૭૯-૨૫૪૬૬૨૩નો સંપર્ક કરવા વિનંતી છે.

☼ અત્રેના વસ્ત્રાપુર તળાવને 'નરસિંહ મહેતા સરોવર' નામ આપવા માટે શ્રી. ક. સૌ. વ. ના. મંડળના એક વર્ષના અથાક પ્રયત્નોને સફળતા સાંપડતાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશને આ નામ આપવા ઠરાવ પસાર કરેલ છે.

☼ **સિહોર :** ડો. શ્રીકાન્ત જે. દેસાઈ લાયન્સ કલબ સિહોરના પ્રમુખપદે વરાયા.

☼ **પોરબંદર :** કથન રાજેન્દ્રભાઈ ઓઝા પ્રખરતા શોધ કસોટીમાં ઉત્તીર્ણ થયા.

☼ દધિચી દુર્ગેશ ઓઝા સંગીત પ્રવેશિકા પૂર્ણ -ગાયન હાર્મોનિયમ-માં ઉત્તીર્ણ થયા.

☼ **મહુવા :** દેવાંશુ હરેશભાઈ મહેતા પ્રખરતા શોધ કસોટીમાં ઉત્તીર્ણ થયા.

☼ **ભાવનગર :** કુ. કૃતિ સંજયભાઈ દેસાઈ અત્રેની શાતિલાલ શાહ એન્જીનીયરીંગ કોલેજમાં ભૌતિકશાસ્ત્રના લેકચરર તરીકે નિમાયાં.

☼ અત્રેના શ્રી પરિમલ મહેતા સપરિવાર હૈદ્રાબાદ, મલિકાર્જુન જ્યોર્તિલીંગની યાત્રા પ્રવાસે જઈ આવ્યા.

☼ લીન્ડે એન્જીનીયરીંગમાં સ્ટ્રકચર એન્જીનીયર તરીકે ફરજ બજાવતા અત્રેના સર્જક સંજયભાઈ દેસાઈને કેરોમાં પેટ્રો પ્રોજેકટની કામગીરી પૂર્ણ કરવાની જવાબદારી નિભાવવા અર્થે ૧૦ માસ માટે કેરો મોકલવામાં આવ્યા.

☼ ભાવનગર બ્લડ બેંકમાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકે સેવા આપી રહેલ શ્રી સંજયભાઈ ઘનશ્યામભાઈ દેસાઈ અલંગ શીપ રીસાઈકલીંગ પ્રોજેકટ(ગુજ. એઈડઝ કંન્ટ્રોલ સોસા. સંચાલિત)માં પ્રોજેકટ મેનેજર તરીકે કાર્યરત છે તેઓ એચઆઈવી એઈડઝ પ્રોજેકટની તાલીમ અર્થે ફોગેટી ફાઉન્ડેશન અમેરીકા ખાતે જઈ આવેલ છે.

☼ **જૂનાગઢ :** અત્રેની શ્રી નીરજ વસાવડા અને સાથી મિત્રો પ્રેરિત નાગર ફ્રેન્ડઝ કલબ છેલ્લાં ૨૦ વર્ષથી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહેલ છે જેના ભાગરૂપે દર વર્ષ મુજબ જ્ઞાતિજનોના અનુદાનથી માત્ર રૂા. ૩ના રાહતભાવે નોટબુક,રૂા. ૪માં ફૂલસ્કેપ ચોપડા, રૂા. ૪૦માં સ્કૂલબેગ વગેરેના વિતરણનો કાર્યક્રમ શ્રી નીરજભાઈ વસાવડાના નિવાસ સ્થાને આયોજીત કરવામાં આવ્યો હતો. આજની મોંઘવારીમાં જ્ઞાતિ હીતાર્થની આ પ્રવૃત્તિને સૌએ બીરદાવી હતી.

☼ અત્રેના શ્રી શીરીષભાઈ માધવલાલ મહેતા (૮૬ વર્ષ) પૌત્રીની માનતા પૂરી કરવા બહોળા પરિવાર સાથે અંબાજી અને વડનગરની યાત્રાએ જઈ આવ્યા.

☼ ભુજ : અંજાર ખાતે ઉજવાયેલ નાગરોત્સવમાં અત્રેના હાટકેશ સિનિયર સિટીઝન્સ કલબની બહેનોએ લગ્નગીત સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું.

**જનની જોડ સખી નહીં જડે રે લોલ...**

☼ અત્રેની વિજયરાજ જીલ્લા લાયબ્રેરીમાં શ્રી પંકજભાઈ વૈશ્નવ ઉપપ્રમુખ તરીકે તથા શ્રી હરેશભાઈ ઘોળકિયા મંત્રી તરીકે ચૂંટાયા.

☼ શ્રી વડનગરા નાગર મંડળની વર્ષ ૨૦૧૦થી ત્રણ વર્ષની ચૂંટણીમાં પ્રમુખ તરીકે શ્રી અવનીશ વૈશ્નવ મંત્રી તરીકે શ્રી પરેશ માંકડ તથા ખજાનચી તરીકે શ્રી દર્શક અંજારીયાની બીનહરીફ વરણી થઈ.

☼ શ્રી વ. ના. વ્ય. મંડળ ભુજમાં ૩૦ વર્ષ બાદ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મંદાબેન રશ્મીકાંત પટ્ટણી બીનહરીફ વરાયાં.તેઓ અન્ય પેટા સમિતિમાં પણ નિયુકત થયાં.

☼ કચ્છ વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિની મહિલા પાંખ ગાયત્રી મંડળના ઉપક્રમે પુરૂષોત્તમ માસમાં માંડવી તાલુકાના આસંબીયા ગામ પાસેના રમણીય ગંગાજીના ધાર્મિક પ્રવાસનું આયોજન થઈ ગયું.

☼ રૂકમાવતી નદીમાં સ્નાન કરી કિનારાના ડુંગરાળ કુદરતી વાતાવરણમાં પુરૂષોત્તમ ભગવાનની પૂજા કથા બાદ નૂતનબેન –પ્રતિભાબેન વોરા તરફથી ફરાળી મોહનથાળના પ્રસાદ લઈ સૌ પરત ફરેલ.

☼ **મુંબઈ :** અ. ભા. ના. પરિષદના ઉપક્રમે ઓમકારેશ્વર તથા મહાકાલેશ્વરની યાત્રા–પ્રવાસનું આયોજન કરવામાં આવનાર છે. તા. ૫/૯/૧૦ થી ૯/૯/૧૦ના આ પ્રવાસ માટે મુસાફરી ખર્ચ, નિવાસ, ભોજન ચા નાસ્તા સહીતના રૂા. ૪૦૦૦/– નિયત કરવામાં આવેલ છે.બુકીંગ કરાવવાનો ખ્યાલ આવે તેથી તુરત વિશેષ માહિતી સાથે નામ નોંધાવવા શ્રી નિખીલભાઈ વસાવડા–૦૨૨–૨૬૧૨૦૪૫૬, શ્રી લક્ષ્મીકાંતભાઈ બુચ– ૦૮૪૪૦૨૮૩, હેમા ઉદયભાઈ મહેતા–મો. ૯૮૬૯૬૮૧૨૩૭, પ્રિતી ભાવિનભાઈ મહેતા–મો. ૯૮૬૯૪૫૫૪૯૬

☼ અ. ભા. ના. પરિષદની અન્ય યાદી મુજબ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૨/૮/૧૦ના રોજ સાંજે ૪ વાગ્યે શ્રી રાજેન્દ્રભાઈ મુલાણીના નિવાસસ્થાન– ત્રંબકેશ્વર એપા. ૫/૧૨ વીર સાવરકર ગાર્ડન સામે, એમ.જી. રોડ,વીલે પાર્લે(ઇ)મુંબઈ –ખાતે રાખવામાં આવેલ છે.

## : અનંતના યાત્રીઓ :

– રાજકોટમાં એક સમયે જ્ઞાતિના સારા–માઠા સમાચારોનું ઘણા ઘેર ફરીને આદાનપ્રદાન કરતા સંપર્કસૂત્ર, નિસ્વાર્થ સેવાભાવી એવા રાજેન્દ્રભાઈ કાન્તીપ્રસાદ વછરાજાનીનું ૭૬ વર્ષની વયે અવસાન.
– ભાવનગરના અમેરીકા સ્થિત સુબંધુભાઈ સનતકુમાર મજમુદારનું ૬૪ વર્ષની વયે અવસાન.
– મહેન્દ્રબાળા (બાબાબેન) માંકડનું રાજકોટ ખાતે અવસાન.બાળાબેન રમાકાન્તભાઈ માંકડનું દહીંસર ખાતે ૮૪ વર્ષની વયે અવસાન.
– સાવિત્રીબેન ભાસ્કરભાઈ મારૂનું ૯૪ વર્ષની વયે વડોદરા ખાતે અવસાન. ચક્ષુદાન કર્યું.
– ગં. સ્વ. અરૂણાબેન પ્રદ્યુમ્નરાય વૈશ્નવનું ૮૫ વર્ષની વયે મુંબઈ (થાણા) ખાતે અવસાન.
– ભુજના રમેશચંદ્ર જી. હાથી(ભાઈ)નું ૭૧ વર્ષની વયે વડોદરા ખાતે અવસાન.
– સનતકુમાર વામનરાય હાથીનું ૭૦ વર્ષની વયે મુંબઈ ખાતે અવસાન.
– ભુજના મુંબઈ સ્થિત અંબરીષભાઈ સવાઈલાલ રાણાનું ૮૮ વર્ષની વયે ભુજ ખાતે.
– ચંદ્રકાન્ત માંકડનું ૮૦ વર્ષની વયે ભુજ ખાતે. – લાભકુંવરબેન જીતેન્દ્રભાઈ માંકડનું ભુજ ખાતે અવસાન. હર્ષાબેન ચંન્દ્રકિશોર ધોળકિયાનું ૬૩ વર્ષની વયે ભુજ ખાતે.
– નિહારીકાબેન (મંજુલા) અરૂણોદય દીવેટીયાનું ૮૮ વર્ષની વયે ગાંધીનગર ખાતે અવસાન.

**મા વગરનું સંતાન એટલે સાંકળ વિનાનો દરવાજો**

## બી.બી.એ.માં યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને કુ. જૂઈ હાથી



રાજકોટના શ્રી રમણીકભાઈ (રમુભાઈ) હાથીનાં પૌત્રી તે મુકેશ રમણીકલાલ હાથી અને શ્રીમતિ હીના હાથીનાં પુત્રી કુ. જૂઈ હાથીએ તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બી.બી.એ.ની પરીક્ષામાં ૭૯% માર્કસ સાથે ઉત્તીર્ણ થઈ સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવી પોતાની એચ. એલ. કોલેજ કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે.અત્રે ઉલ્લેખનીય છે કે તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતાં ચિ. જૂઈએ ૨૦૦૭માં એચ.એસ.સી.માં રાજકોટ કેન્દ્રમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરેલ.

## કુ. કોશા છાયા એમ.ફીલ થયાં



સ્વ. હરીભાઈ છાયાનાં પૌત્રી અને સ્વ. ખંડુભાઈ વૈશ્નવનાં દોહિત્રી તે ભુજનાં કુ. કોશા મહેશભાઈ છાયા 'શૈક્ષણિક ટ્રસ્ટના તુલનાત્મક નાણાકીય વિશ્લેષણ' વિષય ઉપર લઘુશોધ નિબંધ રજૂ કરી કચ્છ યુનિવર્સિટી માંથી એમફીલ.(કોમર્સ)ની પદવી મેળવી કુટુંબને ગૌરવ પ્રદાન કરેલ છે. હાલ તેણી ભુજની લેઉવા પટેલ કન્યા સંસ્કારધામમાં હાયર સેકેન્ડરી કોમર્સ કોમર્સ વિદ્યાશાખામાં અધ્યાપનકાર્ય કરી રહેલ છે. તાજેતરમાં ભુજ ખાતે નવનિર્મિત સ્વામિનારાયણ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે લેઉવા પટેલ શૈક્ષણિક એન્ડ મેડીકલ ટ્રસ્ટ દ્વારા શ્રેષ્ઠ શિક્ષણ આપવા બદલ કુ. કોશાને સન્માનિત કરવામાં આવેલ.

## તેજસ્વી પ્રતિભા...

(૧) રાજકોટના **ચિ. વત્સલ ધવલ દેસાઈ** તે સ્વ. મહેશચંદ્ર દેસાઈના પૌત્રને ગત મે-૨૦૧૦માં ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ ટેકનોલોજી ના ઉપક્રમે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે યોજાયેલ ઈન્સ્પાયર ઈન્ટરશીપ પ્રોગ્રામમાં બેસ્ટ પરફોર્મન્સ તથા બેસ્ટ સ્ટુડન્ટનો નેશનલ એવોર્ડ એનાયત થયો. નોંધ લેવી ઘટે કે આ સેમિનાર ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહ પાસ કરેલ વિદ્યાર્થીઓ માટે હોવા છતાં ધો. ૯માં અભ્યાસ કરતા ચિ. ધવલ (ઉ. વ. ૧૩)ની વિશિષ્ટ પ્રતિભાને કારણે આ સેમિનારમાં ભાગ લેવા પસંદ કરાયા અને એવોર્ડ પણ મેળવ્યો. આ ઉપરાંત તેમણે ગુજરાત સાયન્સ ઓલિમ્પીયાડમાં સેન્ટરમાં પ્રથમ અને સમગ્ર ગુજરાતમાં ૧૩માં સ્થાન સાથે સફળતા મેળવી છે.



## બી. એડ્.માં જ્વલંત સફળતા

જૂનાગઢનાં શ્રીમતી અવની કેયૂર માંકડ તે શ્રી ભરતભાઈ જયકરલાલ વૈશ્નવનાં પુત્રી તાજેતર માં લેવાયેલ બી.એડ.ની પરીક્ષામાં ૯૦% સાથે ઉત્તીર્ણ થઈ અત્રેની વિવેકભારતી કોલેજમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. અત્રે નોંધ લેવી ઘટે કે હિન્દી વિષય સાથે ૩૮ વર્ષની વયે તેઓએ બી. એ. કર્યા પછી ૧૮ વર્ષ બાદ આ સિધ્ધિ કહી શકાય તેવી સફળતા મેળવી છે.

જૂનાગઢના કુ. પૂજા ભરતભાઈ વૈશ્નવ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ૨૦૧૦માં લેવાયેલ બી. એડ. પરીક્ષામાં ૯૧% માર્કસ સાથે યુનિ.માં ૧૧માં સ્થાન અને જૂનાગઢની વિવેકભારતી કોલેજમાં પ્રથમ સ્થાન સાથે ઉત્તીર્ણ થયાં. બંને બહેનોને અભિનંદન-શુભકામના.

## બરછીના સ્થાપક તંત્રી શાંતિભાઈ ધોળકિયાનાં જીવનસંગિની-અમારાં માતુશ્રી

# દીનુબેન શાંતિભાઈ ધોળકિયાના દેહત્યાગ નિમિત્તે માતૃવંદના



એવું કહેવાય છે કે પરમાત્માએ જ્યારે પ્રગટ થવાની ઈચ્છા કરી ત્યારે તેણે માનું નિર્માણ કર્યું. આ બંનેમાં એક બાબતનું સામ્ય છે તે એ કે તેમાં પ્રેમનો વિસ્તાર અનુભવવા મળે છે.

એટલે તા. ૨૬-૬-૨૦૧૦ની મોડી રાતે નાગર જ્ઞાતિ અને સમગ્ર નાગરિક સભ્યતાના અગ્રણી, બરછીના સ્થાપક તંત્રી શાંતિભાઈ ધોળકિયાનાં જીવનસંગિની-અમારાં (મહેશ, પિયુષ, કમલેશ, પારૂલ, વિરેન, અર્ચનાનાં) માતુશ્રી અને વિશેષ તો મગનભાઈ ધોળકિયાના હયાત ૯૦ પરિજનોની લીલીવાડીના વરિષ્ઠ અને સર્વ માટે માતૃતૂલ્ય વડીલ દીનુબેન ૯૨ વર્ષની વયે અનંતમાં લીન થયાં આ બધું તો નિમિત્ત છે પરંતુ અસલ વાત તો કરવાની છે તેમના માતૃવાત્સલ્યના એવા વિસ્તારની, જેનો અનુભવ માત્ર તેમના નિકટવર્તી ભૌતિક પરિવારે જ નહિ, પરંતુ અમાપ એવા ભાવ પરિવારના તમામ સભ્યોએ કર્યો છે.

એમ કહેવાય છે કે જેનું કોઈ નથી તેનો પરમેશ્વર છે.દીનુબેનના જીવનનું વિહંગાવલોકન કરતાં એમ પણ કહી શકાય કે જેનું કોઈ ન હોય તે સૌને પોતાના કરી લે છે. દીનુબેને બાપને તો કદાચ જોયા પણ નહિ હોય. બે પુત્રીઓને જન્મ આપ્યો અને મા (હીરાબેન)નાની વયે વિધવા થયાં એનાં મા પણ એક જ પુત્રીને જન્મ આપી કુમળી વયે વિધવા થયાં એટલે નાની બા, મા અને મોટાંબેન ભદ્રાબેન-એવડો નાનો પરિવાર. એ તો ભલું થજો કાકા તુલજાશંકર વૈદ્યનું તે તેમણે આ અનાથ લોકોનો હાથ ઝાલ્યો અને તેમના બાર જણના બહોળા કુટુંબની ઓથે ઊછર્યાં. પણ મીરાંબાઈની જેમ આ 'વૈદ્યો' પાસે પ્રેમનો પિયાલો એવો પીધો કે ને પાયો કે એ પ્રેમઝરણું સદાય વહેતું રહયું. અત્યારે હયાત એક માત્ર ભાઈ ઉમાકાંત (બલુભાઈ) કહે છે કે અમને આજ સુધી ખબર પડી નથી કે અમારી સગી પાંચ બેન કઈ અને કાકાની બે બેનો કઈ !

પ્રેમની આ મૂડી લઈને દીનુબેન મગનલાલ ગુલાબરાય ધોળકિયા પરિવારના ત્રીજા પુત્ર શાંતિભાઈને પરણીને કુલવધૂ બની ગયાં.પરિવાર મોટો દીનુબેન નાનાં અને સાસુની છાયા નહિ, પણ સરિતા સાગરમાં સમાય તેમ પરિવારમાં સમાઈ ગયાં. જેઠનાં છોકરાં, નણંદના,દેરના, પોતાનાં, વૈદ્ય પરિવારના ભાઈ-બેનો, તેનાં છોકરાં-બધાં પોતાનાં ને પોતે બધાંનાં. માતૃસ્વરૂપ ખીલતું ગયું.

શાંતિભાઈ બ્રિટીશ અને પછી ભારતીય સરકારના જવાબદાર અધિકારી, ઉપરાંત વ્યાયામ, રમતગમત તથા સંસ્કારસેવાની અનેક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત તેમને સંગીન પીઠબળ પત્નીનું અને સસરાના સંબંધોનો વ્યાપ પણ મોટો. ઘરમાં એમનાંય બાળવિધવા ફઈ બેઠેલાં એટલે આગંતુકો ને અતિથિઓનો સતત ઘસારો. એ બધાંને સાચવવાની જવાબદારી હસતે મોંએ અદા કરી દીનુબેને. સાથ સૌનો પણ અગ્રેસર તો એકલાં જ.

**થાકેલાનો વિસામો અને વહાલનું તીર્થ એટલે મા**

મધ્યવયસ્ક મોટા જેઠ મૂળવંતરાયનાં પત્નીએ વિદાય લીધી ત્યારથી તેમનાં પાંચે સંતાનોને દીનુબેને પાંખમાં લઈ એવાં પ્રેમે ઊછેર્યાં કે છેવટ સુધી એ તમામની ત્રણત્રણ પેઢીએ દ્રૌપદીકાકીમાં સાક્ષાત્ માનાં દર્શન કર્યાં. આ માતૃભાવના મૂળમાં એક વિશેષતા એ જોવા મળી કે તેમને નકાર કે નિંદાભાવ બહુ ઊંડે પ્રભાવિત કરતો ન હતો. સૌનું સારૂં જુવે ને સારૂં ઈચ્છે. બીજાની ભૂલ કે મર્યાદા એમને પસંદ ન પડે, નારાજી વ્યકત પણ કરે છતાં હલકો ભાવ સેવે નહિં.

તેઓને શરીર સાથે લેણાદેણી થોડી ઓછી ખરી. નાની મોટી માંદગી, એનિમિક નબળાઈ, તકલીફો ચાલુ હોય. પણ શરીર પ્રત્યે ઝાઝી આસકિત નહિ. બીજાની ચિંતામાં જાતને વિસારે પાડવાની કલા તેમનામાં જોઈ. છેલ્લા દોઢ વરસ દરમ્યાન પગના ઓપરેશન સબબ પથારી વશ, પીડા પણ સહન કરે પણ પરવા પોતાની નહિ, સામાની હંમેશા કરે.

ભણેલાં ઓછું પણ જીજ્ઞાસા જબરી, વાંચનનો રસ પણ સ્વયં વિકસાવેલો. ધર્મનું વાંચન, પૂજા પાઠ, ભજનકીર્તન ગમે બહુ, પરમાત્મામાં શ્રધ્ધા જીવંત, પણ એની રચેલી સૃષ્ટિ પ્રત્યેનો પ્રેમ અદ્‌ભૂત.

આપ જો દીનુબેનના કે એવાં ઉદાર લોકોના સંપર્કમાં આવ્યા હશો તો આપને ઉપર કહેલી બાબતોની પ્રતીતિ થઈ જ હશે. હવે તો આપણે એક જ વાત આજે ખાસ અપનાવવાની જરૂર છે કે આપણે આવાં સાધુચરિત માતા-પિતા કે વડીલોના પ્રેમને ઓળખીએ અને તેમના પ્રત્યેના ઋણને યત્કિંચિત ચૂકવવા સંનિષ્ઠ પ્રયત્ન કરીએ.

## અણુશકિતના નિષ્ણાત વૈજ્ઞાનિક ડો. મધુકરભાઈ મહેતાનું નિધન



દેશના જ નહિ પરંતુ વિશ્વમાં અણુવિજ્ઞાન ક્ષેત્રના વૈજ્ઞાનિક તરીકે નામનાપાત્ર ડો. મધુકરભાઈ કપીલરાય મહેતાનું ૮૨ વર્ષની વયે અમદાવાદ ખાતે તા. ૨૮/૬ના રોજ નિધન થયું.

આ છે તેઓની જ્વલંત કારકિર્દીની ઝલક...ભાવનગર ખાતે ઈન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ કર્યા બાદ રોયલ ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સમાં બી.એસ.સી. થયા બાદ વિલ્સન કોલેજમાંથી ફિઝીકસના વિષય સાથે એમ.એસ.સી.ની ડીગ્રી મેળવીને ટાટા ઇન્સ્ટીટયુટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચમાં વૈજ્ઞાનિક તરીકે ટૂંક સમય માટે કાર્યરત રહયા બાદ અમેરીકા અભ્યાસાર્થે ગયા. જ્યાં ન્યુકલીઅર ફિઝીકસમાં ડોકટરેટની પદવી મેળવીને ભારતના ભાભા એટોમીક રીસર્ચ સેન્ટરમાં વરિષ્ઠ વિજ્ઞાની તરીકે પસંદગી પામી જોડાયા અને ટોચના વૈજ્ઞાનિકો ડો. ભાભા, ડો. વિક્રમ સારાભાઈ સાથે કામ કરીને તે વિભાગના ડાયરેકટર તરીકે નિવૃત્ત થઈ અમદાવાદ સ્થાયી થયેલ.

નિવૃત્તી બાદ પણ ડો. મધુકરભાઈએ દેશ અને દુનિયાની પ્રસિધ્ધ વાન્ડેગ્રાફ લેબોરેટરીનું સંચાલન સંભાળેલ.ઉપરાંત તેઓને વિશ્વના અનેક દેશની યુનિવર્સિટીઓ અને અણુવિજ્ઞાન સંસ્થાઓમાં અણુરીએકટર ટેકનોલોજીના નિષ્ણાત તેમજ ઈન્ટરનેશનલ એટોમીક એનર્જી એસોસીએશનના સભ્ય દરજજે તેના વિકાસ અને પ્રગતિ ઉપર સંબોધન કરવા નિમંત્રીત કરવામાં આવતા હતા.આમ તેઓએ જીવનના અંત સુધી અણુવિજ્ઞાન ક્ષેત્રેમાં મહામુલું યોગદાન આપતા રહેલ.

અત્રે ઉલ્લેખનીય છે કે ડો. મધુકરભાઈના મોટા પુત્ર ડો. સુશ્રુત મહેતા પણ ન્યુકિલઅર ફીઝીકસ અને વિશેષ તો રીએકટર ડીઝાઈનીંગના નિષ્ણાત તરીકે હાલ અમેરીકા ખાતે પોતાની સેવા આપી રહેલ છે.

સમાજના અણુવિજ્ઞાનના આ મહારથીને અંજલિ આપી તેઓના આત્માની શાંતિ પ્રાર્થીએ.

**જે ઘરમાં સતત માને સન્માન અપાય છે ત્યાં આજે પણ સતયુગ છે**



## ડો. હેલી વૈશ્નવ – એમ.પી.ટી. થયાં

રાજકોટના ડો. અસીત વિજેન્દ્રપ્રસાદ વૈશ્નવ અને શ્રીમતી મીના વૈશ્નવનાં પુત્રી ડો. હેલી માસ્ટર ઓફ ફિઝિયોથેરાપી (MPT in Cardio Respiratory Disorders) માં ૬૪.૫% માર્કસ સાથે R.G.U.H.S. કર્ણાટક યુનિવર્સિટી માંથી ઉત્તીર્ણ થયાં. અભિનંદન સહ ઉજ્જવળ ભાવિની શુભકામના.



## સ્મિત શુકલ બી.સી.એ.માં યુનિ. પ્રથમ

તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બી.સી.એ.ની પરીક્ષામાં રાજકોટના સ્મિત સુધાંશુ ભાઈ(જ્ઞાતિ કાર્યકર)શુકલએ ૭૫.૭૩% માર્કસ સાથે ઉત્તીર્ણ થઈ સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. અભિનંદન સહ ઉજ્જળ ભવિષ્યની શુભેચ્છા.



## કુ. અનીતા બુચ એમ.એ.માં યુનિ. પ્રથમ

રાજકોટ ખાતે નાયબ કલેકટર તરીકે કાર્યરત શ્રી ધીરેનભાઈ એમ. બુચનાં પુત્રી કુ. અનીતા બુચે ભાવનગર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એમ.એ. (ફાઇનલ) પરીક્ષામાં ૭૭% માર્કસ સાથે ઉત્તીર્ણ થઈ સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું. અભિનંદન સહ શુભકામના.

## કુ. ત્રિષા બક્ષી – ભારતનાટ્યમ્ વિશારદ



વડોદરા સ્થિત શ્રી પરાશર તથા શ્રીમતી જાગૃતિ બક્ષીનાં પુત્રી (તે જામનગરનાં શ્રી દિલસુખરાય બક્ષી તથા શ્રીમતી જ્યોત્સનાબેન દિ. બક્ષીનાં પૌત્રી) કુ. ત્રિષાએ શ્રીમતી તાની જ્વલંત દેસાઈના ગુરૂપદ હેઠળ નૃત્યકલાની તાલીમ મેળવી બૃહદ ગુજરાત સંગીત સમિતિ દ્વારા લેવાયેલ ભારતનાટયમ્‌ની પરીક્ષામાં વિશારદની પદવી પોતાના કલાસમાં પ્રથમ સ્થાન સાથે મેળવી. હાલમાં એમ.એસ. યુનિ.માં બી.બી.એ.નાં ત્રીજાં સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહેલ કુ. ત્રિષાએ અભ્યાસ સાથે નર્તન કલામાં પારંગતતા મેળવી આ પદવી મેળવેલ છે જે અભિનંદનને પાત્ર છે.

## તેજસ્વી પ્રતિભા...



અમદાવાદ સ્થિત શ્રી ભદ્રાયુ મધુભાઈ બુચ અને શ્રીમતી રૂપા બુચના પુત્ર કુલદીપ બુચ બી.ટેક (આઇસી)માં પ્રથમ વર્ગ ડીસ્ટીંગ્શન સાથે ઉત્તીર્ણ થઈ કેમ્પસ રીક્રુટમેન્ટમાં પસંદગી પામી ચેન્નાઈ ખાતે કોગ્નીઝ ટેક. સોલ્યુશન્સ મલ્ટીનેશનલ કંપનીમાં તાલીમ મેળવ્યા બાદ ઓલ ઈન્ડીયા સ્પર્ધાત્મક પરીક્ષા CAT-2009 માં સારા સ્કોર સાથે સફળ થઈ નિરમા ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટમાં એમબીએ.ના અભ્યાસ માટે પ્રવેશ મળતાં અભ્યાસાર્થે જોડાઈ ગયા છે. CAT અંગે તેમજ કેરિયર ગાઇડન્સ માટે ઈચ્છુક વિદ્યાર્થીઓ તેમનો ૦૭૯-૨૬૭૬૨૪૩૨ ઉપર સંપર્ક કરી શકે છે.

**વિશ્વનું સૌથી સલામત સ્થળ : માતાનો ખોળો**

તંત્રી સ્થાનેથી...

## શું જ્ઞાતિના 'સીક્કા'ની ચમક ઓછી થતી જાય છે ?...

આજે 'આંગળી ચિંધનાર' પણ મુશ્કેલીમાં મૂકાય જાય તેવા છૂટાછેડા-સગપણ ભંગના(તે પણ બહુ ટૂંકા સમયમાં જ)અનેક કિસ્સાઓ જાણવા મળી રહયા છે. જે કિસ્સા જાણવા મળી રહયા છે તેના તારણોમાં... કુટુંબો જાણીતા-સંસ્કારી છે, સંતાનોની સ્વતંત્રતા આજે સ્વચ્છંદતામાં પરીણમતી જણાય છે, નાની નાની વાતમાં વાત છૂટાછેડા સુધી પહોંચે છે, વધુ પડતી અપેક્ષા અને વાલીઓ દ્વારા પણ હકીકત છુપાવાતી હોય તેમ પણ લાગે છે અને કોઈ કારણ વગર છૂટાછેડા આપવામાં નથી આવતા અથવા છૂટાછેડા આપવામાં 'સોદાબાજી'ની કક્ષાએ વાત પહોંચતી જણાય છે-કન્યા પક્ષ વધુ છે,'ગઢ'ના કાંગરા વધુ ખરતા જણાય છે! ત્યારે યુવક- કન્યાઓને વાલીઓ સાથે વિચારવિમર્શ કરી, હકીકત ન છૂપાવવા,અપેક્ષા ઓછી રાખવા અને બંને પક્ષને આપણા સંસ્કારને લાંચ્છન ન લાગે તેનો વિચાર કરી અંતિમ પગલું ભરવા અપીલ છે કારણ કે કોઈપણ પક્ષને સગપણ ફોક કે છૂટાછેડાનાં 'લેબલ' બાદ બીજીવારની શોધ માટે ઘણી તકલીફ અને બાંધછોડ કરવી પડતી હોય છે... સાથોસાથ વાલીઓને પણ કહેવાનું કે સમય પ્રમાણે સંતાનની ઈચ્છા વિરૂધ્ધ કે સત્ય હકીકત છુપાવીને આગળ વધી સંતાનનું અને તે દ્વારા સામાપક્ષના સંતાનનું ભવિષ્ય ન બગડે તે માટે કોઈ દબાણ વગર વિચારોની આપલે કરી નિર્ણય કરવા અને અંતે તમારાં સંતાનનો દોષ હોય/પસંદ ન હોય તો સોદાબાજી વગર રાજીખુશીથી છૂટા થઈ જવા/કરવા અપીલ છે.

આમ આ બાબતમાં અને આવી ઘણી બાબતોમાં સીકકા (રૂપિયાની નહિં પણ જ્ઞાતિનો પ્રભાવ-દબદબા)ની ચમક ઓછી થતી જણાય છે ત્યારે 'યેલોજર્નાલીઝમ'થી નહીં પરંતુ જ્ઞાતિને વાકેફ કરવા આવા કિસ્સાઓ બરછીમાં નામજોગ પ્રસિધ્ધ કરવા પડશે ? આશા રાખીએ – પ્રાર્થીએ કે આ માટે જ્ઞાતિજનો જગ્યા ફાળવવાની તક નહિં જ આપે !

## શ્રી હાટકેશ્વર પાટોત્સવ સમિતિના ઉપક્રમે તેજસ્વી તારકો સન્માનિત

રાજકોટ ખાતે શ્રી હાટકેશ્વર પાટોત્સવ સમિતિ અને શ્રી અ. વ. નાગર બોર્ડિંગના સંયુકત ઉપક્રમે તા. ૪/૭/૧૦ને રવિવારના રોજ સાંજે ૬ વાગ્યે સમસ્ત જ્ઞાતિના ધો. ૧૦ તથા ધો. ૧૨માં ૭૫ ટકાથી વધુ ગુણાંક સાથે ઉત્તીર્ણ થયેલ તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષીક આપી સન્માનિત કરવાનો કાર્યક્રમ નાગર બોર્ડિંગ ખાતે બોર્ડિંગના ટ્રસ્ટી-પ્રમુખ ડો. હેમાંગભાઈ વસાવડાના પ્રમુખસ્થાને યોજાય ગયો. આ કાર્યક્રમમાં ધો. ૧૨ તથા ધો. ૧૦માં બોર્ડ તથા કેન્દ્રમાં સ્થાન મેળવનાર કુ. દેવાંશી માંકડ, દર્શિલ વૈશ્નવ મિહીર છાયા તથા કુ. ભાષા મારૂને બોર્ડિંગ ટ્રસ્ટ પ્રમુખશ્રીના હસ્તે અનુક્રમે રૂા. ૨૫૦૦ તેમજ રૂા. ૧૧૦૦ના ચેક આપી બહુમાન કરાયા બાદ ૩૨ વિદ્યાર્થીઓને રૂા. ૩૫૧ તથા રૂા. ૫૧ના રોકડ પારિતોષીક આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.પાટોત્સવ સમિતિ અને બોર્ડિંગ ટ્રસ્ટ વતી શ્રી મધુકરભાઈ વૈશ્નવે સંસ્થાઓ દ્વારા થતી રચનાત્મક કાર્યોની રૂપરેખા રજૂ કરેલ.

કાર્યક્રમનું સફળ સંચાલન વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા શ્રી વિભાકર અંજારીયાએ આગવી શૈલીમાં કર્યું હતું. આયોજનમાં શ્રી તરૂણભાઈ વૈશ્નવ તથા ચેતન છાયાનાં વિશેષ યોગદાન મળેલ. જ્ઞાતિજનોની અને અન્ય જ્ઞાતિ સંસ્થાઓના પ્રમુખો અને સભ્યોની ઉપસ્થિતિ સંસ્થાના આયોજકો માટે ઉત્સાહવર્ધક બની રહેલ આ કાર્યક્રમ આઇસ્ક્રીમની ઠંડક સાથે સંપન્ન થયો હતો.

**જેના પ્રેમને કયારેય પાનખર ના નડે તેનું નામ 'મા'**

## મેડીકલ પ્રોફેશનમાં ૬૦ વર્ષ પૂર્ણ કરતા ડો. વામનભાઈ માંકડ

જામનગરના ડો. વામનરાય અનંતરાય માંકડે તા. ૧/૭ના રોજ મેડીકલ પ્રોફેશનમાં સફળતાપૂર્વક ૬૦ વર્ષની મજલ પૂર્ણ કરી. પહેલી જૂલાઈ ૧૯૫૦ના રોજ જામનગર ખાતે ગુલાબકુંવરબા આયુર્વેદિક મેડીકલ કોલેજના ડી.એ.એસ.એફ.ના પ્રથમ બેચમાં ઉત્તીર્ણ થયા બાદ બે વર્ષ ઈરવીન હોસ્પિટલમાં નોકરી કરી. આ દરમ્યાન જામનગર રાજકોટના નિષ્ણાત તબીબો પાસેથી જ્ઞાન મેળવવાનો વિશિષ્ટ લાભ મળ્યો. ત્યારબાદ ૧૯૫૩ થી ૧૯૫૯ સુધી જોડીયા, સુલતાનપુર,નવલખી,કુંકાવાવ જેવાં ગામડાંઓમાં ફરજ બજાવી અભૂતપુર્વ લોકચાહના મેળવી. ૧૯૫૯ થી ૧૯૬૮ સુધી કોલીથડ રહયા અને તેને જ સાચા અર્થમાં કર્મભૂમિ બનાવી. જ્યાંના ગ્રામજનો પાસેથી ભંડોળ એકત્ર કરીને ધારેશ્વર મંદિરનું નિર્માણ કરાવ્યું...જે આજે વિશાળ બની ગયું છે.ત્યારબાદ પડધરી અને મોવીયા પણ સેવા આપી. મોવીયામાં ફરજ દરમ્યાન ત્યાંના એક ખેડૂત પાસે રહેલી કામધેનુ ગાય કોલીથડના ધારેશ્વર મંદિરમાં મોકલવાનો જીંદગીનો મહામુલો લાભ મેળવ્યો. સૌરાષ્ટ્રના છોટે સરદાર અને કોલીથડના વતની એવા વલ્લભભાઈ પટેલના આમરણાંત ઉપવાસ સહિતના આગ્રહથી ફરી કોલીથડ આવ્યા. અને ત્યાંથી જ ૧૯૮૦માં સ્વૈચ્છિક નિવૃત્તી લીધી.આ ૩૦ વર્ષમાં નાના મોટાં ૪૦૦ ગામડાઓમાં પેઢી દર પેઢી આજે પણ યાદ કરે તેવી પ્રચંડ લોકચાહના મેળવી.

૧૯૮૦માં નિવૃત્ત થયા બાદ પણ આજ દિવસ સુધી જામનગર ખાતે પ્રજાજનો માટે અવિરત સેવાયજ્ઞ ચાલુ જ રાખેલ છે.કર્મ સાથે ધર્મનો સમન્વય સાધી હાટકેશ્વર મહાદેવની સેવા,નિયમીત ગાયત્રી યજ્ઞ અને અન્યના કલ્યાણાર્થે લઘુરુદ્રની ટીમ બનાવી નિઃસ્વાર્થ યજ્ઞો જેવાં ધાર્મિક કાર્યો પણ ચાલુ રાખેલ છે.

આજે જ્યારે ઉલ્ટી ગંગા વહી રહી છે ત્યારે સચોટ નિદાન, ઓછામાં ઓછી દવા,પ્રતિષ્ઠા કરતાં નિષ્ઠા અને દવા સાથે દુઆને પણ જીવનમાં સ્થાન આપી સૌને સાજા સારા રાખતા મુ. વામનભાઈ (તેઓ જેવા સૌ પણ)વંદનને પાત્ર છે.

## કુ. અમી માંકડ એમ.બી.એ. થયાં



મૂળ જામનગરના ડો. વામનરાય અનંતરાય માંકડ અને શ્રીમતી હંસાબેનનાં પૌત્રી તે ગોંડલ સ્થિત જયેશભાઈ અને શ્રીમતી વૈશાલીબેન માંકડનાં પુત્રી કુ. અમી માંકડે તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એમ.બી.એ.ની પરીક્ષામાં ફાયનાન્સના મુખ્ય અને હયુમન રીસોર્સીસના ગૌણ વિષય સાથે પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયાં. અભિનંદન.

## નિલય બુચ એમ.બી.એ. થયા



જૂનાગઢના સિનિયર એડવોકેટ શ્રી ઈન્દુભાઈ બુચના પૌત્ર તે એડવોકેટ શ્રી પંકજભાઈ અને શ્રીમતી દિવ્યાબેનના પુત્ર નિલય બુચ (જેઓ હાલ પૂના ખાતે બ્લુ સ્ટારમાં પાંચ વર્ષથી આસી. જનરલ મેનેજર તરીકે ફરજ બજાવી રહયા છે.) તાજેતરમાં પૂના યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એમ.બી.એ.ની પરીક્ષામાં પ્રોજેકટ મેનેજમેન્ટના મુખ્ય સાથે પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા.અભિનંદન.

**મા ને ક્ષ્મા બન્ને એક છે કેમ કે માફી આપવામાં બંને નેક છે...**

## બરછીની વેબસાઈટ ઉપર 'Wed-Help'- લગ્નોત્સુકો માટે અનેરી સુવિધા

લગ્નની વિકટ સમસ્યામાં નિમિત્ત બની સહાયભૂત થવામાં 'બરછી'નાં યોગદાનને સૌએ બીરદાવેલ છે...આભાર. આ સમસ્યામાં વધુ સહાયભૂત થવાના ઉદ્દેશથી બરછીના ગ્રાહકો માટે વધારાના લાભરૂપે, આધુનિક ઈન્ટરનેટ સુવિધાનો લાભ લઈ સંપર્કને વિસ્તારી પોતે જ પોતાના સંતાનોની માહિતી ફોટા સાથે મૂકી શકે, સમયાંતરે સુધારો પણ કરી શકે, યોગ્ય પાત્રની માહિતી મેળવી પણ શકે તેવા ફોર્મેટ સાથે બરછીની વેબસાઈટ www.barchhi. com' ઉપર **'Wed-Help'**નામક પ્રોગ્રામ તૈયાર કરી મૂકવામાં આવેલ છે. તેમાંની વિગત ભરી Send ઉપર ક્લીક કરો...વેબસાઇટ તો અનેક લોકો જોતા હોય છે તેને ધ્યાનમાં લઇ આ માહિતી સૌ કોઈ જોઇ નહિ શકે એટલે કે ખાનગી રહેશે. હાલમાં 'ડેટાબેઝ'તૈયાર થવા સુધી તે ફોર્મેટમાં દર્શાવેલ વિગતો અમારી પાસે જ રહેશે અન્ય કોઈ જોઈ શકશે નહિં. પૂરતા પ્રમાણમાં યુવક યુવતીઓની માહિતી મળ્યા બાદ યોગ્ય પાત્રની માહિતી કાર્યાલયેથી મળશે. પૂરતી ડેટા એન્ટ્રી થયા/મળ્યા બાદ ટૂંક સમય બાદ દરેકને અલગ પાસવર્ડ આપવામાં આવશે.જેથી સીધી પોતે જ વિગત મેળવી શકશે.જે આ પ્રોગ્રામની વિશેષતાઓ છે.

## નાઈજીરીયા

વડોદરાના શ્રી કેતન ઓઝા હાલ નાઈજીરીયા હોવાથી શ્રીમતી હિરણા કેતન ઓઝા અને પુત્રી ચિ. હેલી નાઈજીરીયા(લાગોસ)ના બે માસના પ્રવાસે જઈ આવતાં તેમણે લખી મોકલેલ થોડી માહિતી અત્રે પ્રસ્તુત છે...નોકરી ધંધા માટે ત્યાં જ્ઞાતિજનોએ આ વાંચીને જવું ન જવું તેનો ખ્યાલ મળે !

આફ્રિકા ખંડના ઉત્તર પશ્ચિમ તરફ આવેલ આ દેશ વર્ષોથી બ્રિટીશ સંસ્થાન હતો. હાલ તે સ્વતંત્ર દેશ છે. પણ સ્વતંત્રતા પછી રાજકીય કાવાદાવા,ગુંડાગીરી,ભ્રષ્ટાચાર જેવાં દૂષણો વધી ગયાં છે અને પ્રગતિમાં બાધારૂપ છે. લાગોસ દેશનું મુખ્ય શહેર અને મુંબઈથી પણ મોટું શહેર પણ કોઈ રીતે તેની સાથે સરખાવી ન શકાય.૧૫ થી ૨૦% પાસેજ પુષ્કળ પૈસો..જેઓ અલગ વિસ્તારમાં રહે છે.જીવન જરૂરી ચીજ વસ્તુઓ આયાત થતી હોઈ ખુબ મોંઘી. કોથળામાં પૈસા લઈ જવાના અથવા ખીસ્સામાં ચીજ વસ્તુ લેવાની ! દા.ત. શાકભાજી ૨૦૦થી૨૫૦ નાયરા (ત્યાંનો રૂપિયો-ચલણ)ખાંડ, ચોખા,મમરા પણ તે જ ભાવ. અહીંની નાઇજીરીયન પ્રજા માંસાહારી તે પણ મોંઘુ જ. પગાર ધોરણ સામાન્ય તેથી કરપ્શન ખુલ્લેઆમ ચાલે. ત્યાંની પોલીસ પણ ભારતીય/પરદેશીને વગર કારણે અટકાવી પૈસા'ખંખેરી' લે.અને ગરીબીને કારણે લૂંટફાટના બનાવો બનતા જ રહે. સાંજે ૭ વાગ્યા પછી લોકો ઘરની બહાર ન નીકળે. જો કે અમે ઘણી વખત રાત્રે ૯-૧૦ ફરીને વાગ્યે સલામત રીતે ઘેરે પાછા ફર્યા છીએ.ઈલેક્ટ્રીક સપ્લાય કોઈકવાર જ હોય બાકી ભારતીયો/પરદેશથી આવેલ લોકોને ત્યાં જનરેટર હોયજ.

વિશાળ દેશ છે વસ્તી ઘણી છે તેથી ધંધા રોજગાર માટે ઘણા ગુજરાતી,સિંધી,પંજાબી, દક્ષિણભારતીયો અહીં આવ્યા છે..વસ્યા પણ છે. ગુજરાતીના રસોડામાં વપરાતી દરેક ચીજ વસ્તુઓ મોંઘી પણ મળે ખરી.અથાણા પાપડ ગાંઠીયાની દુકાનો પણ છે.ઈબો અને હાઉની જાતિના લોકો છે. પ્રજા ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મ પાળે છે.

'મા'ને અંજલિરૂપે સંકલિત સુવાક્યો-પ્રતિભા એસ. બૂચ, રાજકોટ

**સુહાસિની સમધૂર ભાષિણીમ ,સુખદાં, વરદાં માતરમ્**